| | | |
|---|---|---|
| **GJSR120014462024** | | **Criminal Case no. 785/2024**<br><br>**સરકાર**<br>*vs.*<br>**અશોકભાઈ શિવાભાઈ સોલંકી** |

*ફોર્મ - A*

| **કઠોરના મે. જ્યુડીશીયલ મેજી. ફ. ક. સાહેબની કોર્ટમાં, મું.કઠોર** | | |
|---|---|---|
| ચુકાદાની તારીખ: | 25.05.2026 | |
| ક્રિમીનલ કેસ નં. | **785/2023** | **આંક:** |
| **ગુનાની વિગત** | | |
| એફ.આઈ.આર.ની વિગત | કામરેજ પોલીસ સ્ટેશન, એફ. આઈ. આર. નં.11214020232785/2023, તારીખ:05/12/2023 | |
| ગુનો (કલમ) | ઇ.પી.કો.ની કલમ **279, 427** તથા એમ.વી.એક્ટ **177, 184** મુજબ | |
| **ફરિયાદી** | **શ્રી સરકાર** | |
| ફરિયાદ પક્ષે રજૂઆત | વિ.એ.પી.પી.શ્રી. પી. બી. સથવારા | |
| ***વિરુદ્ધ*** | | |
| **આરોપી** | **અશોકભાઈ શિવાભાઈ સોલંકી**<br>ઉ.વ. 45, વ્યવસાય-ડ્રાઈવીંગ<br>રહે.સાવરકુંડલા ગામ, મોવા રોડ, તા.સાવરકુંડલા, જી.અમરેલી. | |
| આરોપી પક્ષે રજૂઆત | વિ. વ. શ્રી. સી. એન. સોલંકી | |

*ફોર્મ - B*

| | |
|---|---|
| ગુનો બન્યા તારીખ: | 04/12/2023 |
| એફ.આઈ.આર. તારીખ: | 05/12/2023 |
| ચાર્જશીટ દાખલ તારીખ: | **15/03/2024** |
| પ્લી રેકર્ડ કર્યા તારીખ: | 26/06/2024 |
| પુરાવો ચાલુ થયા તારીખ: | 26/06/2024 |
| જજમેન્ટ માટે રાખ્યા તારીખ: | 13/05/2026 |
| જજમેન્ટની તારીખ: | **25/05/2026** |

| | | | |
|---|---|---|---|
| સજા હુકમની તારીખ (જો લાગુ પડે તો): | — | | |
| સમયગાળો: | વર્ષ | માસ | દિવસ |
| | 02 | 02 | 10 |

**આરોપીઓની વિગત**

| આરોપી નંબર | આરોપીનું નામ | અટક કર્યા તારીખ | જામીન પર છોડ્યા તારીખ | ગુનો | તકસીરવાન/ નિર્દોષ | કરવામાં આવેલ સજા | સી.આર.પી.સી .ની કલમ 428 મુજબ કસ્ટડીમાં વિતાવેલો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **અશોકભાઇ શિવાભાઇ સોલંકી** | 05/12/2023 | 05/12/2023 | ઇ.પી.કો.ની કલમ **279, 427** તથા એમ.વી.એકટ **177, 184** મુજબ | નિર્દોષ | — | — |

***ફોર્મ - C***

**1. ફરિયાદપક્ષે / બચાવપક્ષે / કોર્ટ તરફે સાહેદ યાદી:**

**a. ફરિયાદ પક્ષે -**

| **અનુ. નં.** | **આંક** | **નામ** | **સાહેદનો પ્રકાર** |
|---|---|---|---|
| PW 1 | 05 | સીયારામ રામનાથ નિષાદ | ફરિયાદી |
| PW 2 | 09 | મોહિત રાજેન્દ્ર નિષાદ | સાહેદ |
| PW 3 | 10 | મહમદ રસુલ સૈયદ | પંચસાહેદ |
| PW 4 | 13 | નરેશભાઇ રમણભાઇ | ત.ક.અ. |

**2. ફરિયાદપક્ષ / બચાવપક્ષ / કોર્ટના આંકની યાદી:**

**a. ફરિયાદ પક્ષે -**

| **અનુ. નં.** | **આંક** | **દસ્તાવેજનું વર્ણન** |
|---|---|---|
| 1 | 06 | ફરિયાદ |
| 2 | 11 | ગુનાવાળી જગ્યાનું પંચનામુ |

**// ચુ કા દો //**

**1. <u>ફરિયાદની હકીકતનું ટુંકમાં વર્ણન:</u>**

સદર કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના તહોમતદારે મોજે.આંબોલીગામની સીમમાં મુંબઇ થી અમદાવાદ જતા ને.હા.રોડ નંબર-૪૮ ઉપર એસ્સાર પેટ્રોલપંપની સામે ઉપર

તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૨૧/૩૦ વાગે પોતાના કબજાની ટ્રાવેલ્સ બસ નં.NL-01-B-2191 ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ ઉપર ઉભેલી બોલેરો પીક અપ રજી નં.GJ-05-BZ-2273 ની પાછળ અથડાવી સદર બોલેરો પીક અપ રજી નં.GJ-05-BZ-2273 ને અંદાજે રૂ.૧૦,૦૦૦/ જેટલુ નુકસાન કરી તેમજ પોતાની બસને અંદાજે રૂ.૭,૦૦૦/ જેટલુ નુકસાન કરી પકડાઈ જઈ ઇ.પી.કો.કલમ-279, 427 તેમજ એમ.વી.એક્ટની કલમ 177, 184 મુજબનો ગુનો આચરેલ છે.

**2.** **<u>સી.આર.પી.સી. ની કલમ-251 મુજબ પ્લી:</u>**

આ કામના આરોપી વિરુદ્ધ ગુનાની ઇન્સાફી કાર્યવાહી માટે સમન્સ કાઢતા, આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે ઉપસ્થિત રહેલ. તેને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-207 અન્વયે પોલીસ તપાસના કાગળોની નકલ વિના મૂલ્યે આપ્યાની ખાતરી કર્યા બાદ મારા પુરોગામી ન્યાયાધીશ દ્વારા તેઓ વિરુદ્ધ આરોપીની **આંક-03** થી પ્લી રેકોર્ડ કરતા તેણે પોતાની સામેના ગુનાનો ઈન્કાર કરતા કેસની ન્યાયિક કાર્યવાહી આગળ ચલાવી સી.આર.પી.સી.કલમ-254 મુજબનો ફરીયાદપક્ષનો પુરાવો લેવામાં આવેલ.

**3.** **<u>સી.આર.પી.સી.ની કલમ-313 મુજબનું આરોપીઓનું વિશેષ નિવેદન:</u>**

ફરીયાદપક્ષે ઉપરોક્ત પુરાવા લીધા બાદ ફરીયાદપક્ષ તરફથી પુરાવા પૂર્ણ થયા અંગેની મૌખિક જાહેરાત કરતા સી.આર.પી.સી. ની કલમ-૩૧૩ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ જેમાં આરોપીએ ફરીયાદપક્ષની તમામ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ કે, "અમો નિર્દોષ છીએ અમારા ઉપર ખોટો કેસ કરેલ છે." વધુમાં તેમણે બચાવના સાહેદો તપાસવાની કે સોગંદ પર જુબાની આપવાનો ઈન્કાર કરેલો છે. આમ, આરોપી દ્વારા પોતાના બચાવમાં કોઈ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

**4.** **<u>સી.આર.પી.સી. ની કલમ-314 મુજબ પક્ષકારોની દલીલો:</u>**

ત્યારબાદ, ફરિયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી તથા બચવપક્ષ તરફે વિ.વ.શ્રીની દલીલો સાંભળવામાં આવેલી.

**5.** **<u>સી.આર.પી.સી. ની કલમ-354(1)(B) મુજબ પોઇન્ટસ ફોર ડીટરમીનેશન:</u>**

a. આ કામે ઉભયપક્ષકારો તરફે કરવામાં આવેલી દલીલો, ફરિયાદ તથા રેકોર્ડ ઉપર આવેલ પુરાવાઓ વંચાણે લેતા સદર કેસના નિર્ણય માટે કરી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે:

i. **શું ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદારે મોજે.આંબોલીગામની સીમમાં મુંબઇ થી અમદાવાદ જતા ને.હા.રોડ નંબર-૪૮ ઉપર એસ્સાર પેટ્રોલપંપની સામે ઉપર તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૨૧/૩૦ વાગે પોતાના કબજાની ટ્રાવેલ્સ બસ નં.NL-01-B-2191 ની પુરઝડપે અને ગફલતભરી રીતે હંકારી લાવી રોડ ઉપર ઉભેલી બોલેરો પીક અપ રજી નં.GJ-05-BZ-2273 ની પાછળ અથડાવી સદર બોલેરો પીક અપ રજી નં.GJ-05-BZ-2273 ને અંદાજે રૂ.૧૦,૦૦૦/ જેટલુ નુકસાન કરી તેમજ પોતાની બસને અંદાજે રૂ.૭,૦૦૦/ જેટલુ નુકસાન કરી પકડાઈ જઈ ઇ.પી.કો.કલમ-279, 427 તેમજ એમ.વી.એક્ટની કલમ 177, 184 મુજબનો ગુનો આચરેલ છે?**

ii. **શું હુકમ?**

b. ઉપરોક્ત મુદ્દાઓ પરત્વે મારા નિર્ણયો નીચે મુજબ છે:

i. મુદ્દા નં.1 - **નકારમાં**

ii. મુદ્દા નં.2 - **આખરી હુકમ મુજબ**

**// કા ર ણો //**

- **મુદ્દા નં.1 અંગે:**

**6.** ભારતમાં પ્રવર્તમાન ફોજદારી ન્યાયશાસ્ત્રના સિદ્ધાંત પ્રમાણે ફરિયાદપક્ષે પોતાનો કેસ આરોપી વિરૂદ્ધ શંકાથી પર (beyond reasonable doubt) પુરવાર કરવાનું હોય છે. આરોપી દોષિત છે તેવો વિશ્વસનીય પુરાવો રજૂ કરીને ફરિયાદપક્ષે પુરવાર કરવાનું હોય છે. કાયદાના પ્રસ્થાપિત સિદ્ધાંત મુજબ આરોપીને જ્યાં સુધી દોષી ઠરાવવામાં ન આવે ત્યાં સુધી તે નિર્દોષ છે તેવી ધારણા સાથે અદાલતે કાર્યવાહી કરવાની હોય છે. અદાલત દ્વારા કરવામાં આવેલ આવા અનુમાનનું ખંડન ફરિયાદપક્ષે યોગ્ય, વિશ્વસનીય અને પૂરતો પુરાવો આપીને કરવાનું હોય છે. ફરિયાદપક્ષના પુરાવામાં રહી ગયેલ કોઈપણ ખોટનો લાભ બચાવપક્ષને મળે છે અને તે સંજોગોમાં આરોપી શંકાનો લાભ મેળવવા હકદાર થાય છે.

**7.** ફરિયાદપક્ષે **આંક-05 થી ફરીયાદી સીયારામ રામનાથ નિષાદ** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ આંક-06 થી અસલ ફરિયાદ બતાવવામાં આવતા તેમાં તેઓની સહી ઓળખી બતાવી સોંગદ પર જણાવેલ છે કે, બનાવ તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ સાંજના ૯/૩૦ વાગ્યે કામરેજ તાપી નદીના બ્રિજની પાસે એસ.આર.પેટ્રોલ પંપ પાસે બનેલો. તેઓ પીકઅપ ગાડી બોલેરો ચલાવે છે અને જેનો નંબર જીજે-૦૫-બીઝેડ-૨૨૭૩ છે. બનાવના દિવસે પલસાણા થી યાનનું કાપડ ભરી જુદી જુદી કંપનીમાં ડીલીવરી કરવા જતાં હતાં. તેઓની સાથે બે મજુર હતા જેનું નામ મોહીત અને રોહીત હતુ. તેઓ માલ ભરીને ડીલીવરી કરવા જતા હતા ત્યારે તાપી નદીના એસ. આર. પેટ્રોલ

પંપની સામે તેમની ગાડીને પંચર થઈ જતા ગાડી ત્યા ઉભી કરેલ હતી અને તેમની ગાડીનું ટાયર ખોલતા હતા અને પાછળ બે ભાઈ વાહનોને દુર કરતા હતા ત્યારે પાછળથી ફુલ સ્પીડમાં મહાદેવ ટ્રાવેલ્સ નામની બસ જેનો નંબર એન-એલ- ૦૧-બી-૨૧૯૧ નો હતો. જે પાછળથી તેમની પીક અક ટાયર બદલવા માટે ઉભેલ હતી તેને ટક્કર મારી દિધેલ જેથી તેમની ગાડી પલ્ટી મારી ગયેલ. જેથી તેમની ગાડીની બોડીને નુકશાન થયેલ અને આગળનો કાચ તુટી ગયેલ અને અકસ્માત કરનાર બસનો આગળના કાચને નુકશાન થયેલ. આ અકસ્માત થતા તેઓને કોઈને ઈજા થયેલ ન હતી. આરોપીને તેઓ ઓળખે છે.

વધુમાં પોતાની આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં ફરીયાદી કબૂલ કરે છે કે, આ કામની તેઓની ફરિયાદમાં તેઓએ એવી હકિકત લખાવેલ નથી કે અકસ્માત થતા તેઓની ગાડી પલ્ટી મારી ગયેલ. એ વાત ખરી છે કે, તેઓને ગુજરાતી લખતા વાંચતા આવડતુ નથી. <u>એ વાત ખરી છે કે, આ બનાવમાં તેઓની ગાડીમાં જે માલ ભરેલ હતો તેને કોઈ નુકશાન થયેલ નથી</u>. એ વાત ખરી નથી કે આવો કોઈ બનાવ બનેલ ન હોવા છતા વીમો પકાવા માટે ખોટી ફરિયાદ કરેલ છે. એ વાત ખરી નથી કે, તેઓની ગાડી રોડ વચ્ચે પડેલ હતી. <u>એ વાત ખરી છે કે, બનાવ બન્યો ત્યારે અંધારૂ હતુ. એ વાત ખરી છે કે, બનાવ બનેલ તે સ્થળે વાહનોની તથા લોકોની સતત અવર જવર રહે છે. એ વાત ખરી છે કે, બનાવ તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ બનેલ અને આ કામની ફરિયાદ ૦૫/૧૨/૨૦૨૩ ના રોજ આપેલી.</u> એ વાત ખરી છે કે, આ કામે તેઓનો કોઈ વીમો પાકેલ નથી. એ વાત ખરી નથી કે, સોગંધ ઉપર ખોટી જુબાની આપેલ છે.

**8.** ફરીયાદ પક્ષે **આંક-09 થી સાહેદ મોહિત રાજેન્દ્ર નિષાદ** નાઓને તપાસેલા છે. તેઓએ સોંગદ પર જણાવેલ છે કે, બનાવ દોઢ વર્ષ પહેલા સાંજના ૯/૩૦ વાગ્યે કામરેજ તાપી નદીના બ્રિજની પાસે બનેલો. સિયારામ પીકઅપ ગાડી બોલેરો ચલાવતા હતા અને જેનો નંબર ૨૨૭૩ હતો. બનાવના દિવસે પલસાણાથી યાન નું કાપડ ભરી જુદી જુદી કંપનીમાં ડીલીવરી કરવા જતા હતા. તેમની સાથે બીજા મજુર હતા જેનુ નામ રોહીત હતુ. તેઓ પલસાણા થી માલ ભરીને ડીલીવરી કરવા જતા હતા ત્યારે તાપી નદીના એસ. આર. પેટ્રોલ પંપની સામે ગાડીનું ટાયર ફાટી ગયેલ હતુ. જેથી ત્યા ઉભી કરેલ હતી. અને ગાડીનું ટાયર ખોલતા હતા અને <u>તેઓ ઝંડો લહેરાવી બીજા વાહનોને ડાયવર્ટ કરતાં હતાં</u> ત્યારે પાછળથી ફુલ સ્પીડમાં એક લકઝરી ટ્રાવેલ્સ બસ જેનો નંબર ૨૧૯૧ નો હતો જે પાછળથી તેમની પીક અક ટાયર બદલવા માટે ઉભેલ હતી તેને ટક્કર મારી દીધેલ જેથી તેમની ગાડી પલ્ટી મારી ગયેલ. જેથી તેમની ગાડીની બોડીને નુકશાન થયેલ અને આગળનો કાચ તુટી ગયેલ અને અકસ્માત કરનાર બસનાં આગળના કાચને નુકશાન થયેલ. આ અકસ્માત થતા તેઓને કોઈને ઈજા થયેલ ન હતી. અકસ્માત કરનાર વિરૂધ્ધ સીયારામે કામરેજ પો.સ્ટે.માં ફરિયાદ આપેલી. આરોપીને તેઓ ઓળખી શકે નહિ.

વધુમાં પોતાની આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં સાહેદ કબૂલ કરે છે કે, તેઓ ભણેલ નથી, તેઓને લખતા-વાંચતા આવડતુ નથી. આ કામના ફરિયાદી સીયારામ તેઓના સગા

થતા નથી. એ વાત ખરી છે કે, તેઓએ તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં ગાડીનું ટાયર ફાટી ગયેલ છે તેવી હકીકત લખાવેલ નથી. <u>બનાવના દિવસે બોલેરો પીકઅપ બનાવ સ્થળે રાતના આઠેક વાગ્યાથી ઉભેલ હતી.</u>

**9.** ફરિયાદપક્ષે **આંક-10 થી પંચસાહેદ મહમદ રસુલ સૈયદ** નાઓને તપાસેલા છે. તેઓએ સોંગદ પર જણાવેલ છે કે, તેઓને પોલીસે એક તૈયાર પંચનમામાં સહી કરવાનુ કહેતા તેઓએ સહી કરેલી. તેમાં શુ લખેલ હતુ એ તેઓએ વાંચેલ નહી. તેઓને ગુનાવાળી જગ્યાનું પંચનમાની નકલ બતાવવામાં આવે છે. જેમાં પંચ તરીકે તેઓની સહી છે. જે તેઓ ઓળખી બતાવે છે. જેને આંક-૧૧ થી રજુ કરેલ છે. આરોપીને તેઓ ઓળખતાં નથી.

સદર પંચ સાહેદ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા ન હોય એ.પી.પી.શ્રી એ સાહેદોને ફરી ગયેલા જાહેર કરી ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પ્રશ્નો પુછવાની પરવાનગી માંગી પ્રશ્ન કરતા પણ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપેલો નથી.

વધુમાં પોતાની આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં સાહેદ કબૂલ કરે છે કે, પોલીસે તેઓની તૈયાર પંચનામામાં સહી કરાવેલી. એ વાત ખરી છે કે, તેઓ પંચનમામા વિશે કશુ જાણતા નથી.

**10.** ફરિયાદપક્ષે **આંક-13 થી ત.ક.અ. નરેશભાઈ રમણભાઈ** ને સોગંદ પર તપાસેલા છે. તેઓએ તેમની જુબાનીમાં જણાવેલ છે કે, સને ૨૦૨૩ માં તેઓ કામરેજ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતાં ત્યારે તા.૦૫/૧૨/૨૦૨૩ ના રોજ પી.એસ.ઓ. એ કામરેજ પો.સ્ટે ગુ.ર.નં. ll ગુ.ર.નં. ૧૧૨૧૪૦૨૦૨૩-૨૭૮૫/૨૦૨૩ થી ફરિયાદ ગુનો નોંધી આગળની તપાસ તેઓને સોંપતા તપાસ તેઓએ સંભાળી લીધેલ. ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલ. આરોપીને અટક કરેલ અને આરોપીએ યોગ્ય રકમના જામીન રજુ કરતા તેને જામીન મુક્ત કરેલ. લાગતા વળગતા સાહેદોના નિવેદનો લીધેલા. ત્યાર બાદ આગળની તપાસ તેઓને સોપતા તપાસ તેઓએ સંભાળી લીધેલ. આ કામે આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરેલ.આરોપીને તેઓ ઓળખે છે.

વધુમાં પોતાની આરોપીના વિ.વ.શ્રી.ની ઉલટ તપાસમાં ત.ક.અમલદારશ્રી કબૂલ કરે છે કે, ટાયર જે રીપેર કરાવવા લઈ ગયેલા તે જગ્યાનું પંચનામુ આ ગુનાના કામે કરેલ નથી. <u>એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યા માણસોની અવર જવર વાળો વિસ્તાર છે.</u> એ વાત ખરી છે કે, બનાવ વાળી જગ્યા રોડ હોય તેની આજુ બાજુમાં દુકાનો પણ આવેલી છે. <u>ટાયર પંચર થઈ ગયેલ તે ટાયર કઈ જગ્યાએ રીપેર કરવા લઈ ગયેલ તે તેઓની તપાસમાં જણાવેલ નથી કે તે બાબતે કોઈ નિવેદન લીધેલ નથી.</u> એ વાત ખરી છે કે, આ કામે તેઓએ કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. <u>એ વાત ખરી છે કે, આ કામે જે મજુરો હતા તેઓએ રસ્તામાં કોઇ રેડ લાઇટ મુકેલ ન હતુ.</u> એ

વાત ખરી નથી કે, આ કામના ફરિયાદીની ફરિયાદને સમર્થન આપવા સારૂ આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો ન હોવા છતા ખોટી ચાર્જશીટ કરેલ છે.

- **પૂરાવાનું મૂલ્યાંકન:**

**11.** આ સિવાય ફરિયાદપક્ષ તરફે કોઈ દસ્તાવેજી કે મૌખિક પુરાવો રજૂ કરેલ નથી. આ કામે આરોપી ઉપર ઈ.પી.કો. કલમ-279, 427 તેમજ એમ.વી.એક્ટની કલમ 177, 184 મુજબનો ગુનો નોંધાયો છે. હાલના કેસમાં નિષ્કર્ષ પર પહોંચવા માટે ઉપર્યુક્ત કલમો તેમજ તેના તત્વો ધ્યાને લેવા આવશ્યક છે.

**12.** આ તબક્કે **ભારતીય દંડ સંહિતાની કલમ-279 – સરીયામ રસ્તા પર બેકાળજીથી વાહન ચલાવવા અથવા સવારી કરવા બાબત :**

જે કોઈ પણ જાહેર માર્ગ પર કોઈ પણ વાહન ચલાવે છે અથવા સવારી કરે છે, જેથી માનવ જીવનને જોખમમાં મૂકે અથવા અન્ય કોઈ વ્યક્તિને ઈજા કે ઈજા પહોંચાડવાની શક્યતા હોય તેવી રીતે બેદરકારીપૂર્વક અથવા બેદરકારીથી ચલાવે, તેને એક મુદત માટે કોઈ પણ વર્ણનની કેદની સજા કરવામાં આવશે. જે છ મહિના સુધી લંબાવી શકે છે, અથવા દંડ જે એક હજાર રૂપિયા સુધી લંબાવી શકે છે, અથવા બંને સાથે.

આ કલમના આવશ્યક તત્વો નીચે મુજબ છે:

I. આરોપી વાહન હાંકતો હતો અથવા તેના પર સવાર હતો.
II. તે જાહેર માર્ગ પર હાંકતો હતો અથવા સવાર હતો.
III. તે અવિચારી અથવા બેદરકારી રીતે હાંકતો અથવા સવારી કરતો હતો.
IV. એવી સવારી અથવા હાંકવાનું માનવજીવન માટે ભયજનક હતુ અથવા તેનાથી વાગવાનો અથવા ઈજા થવાનો સંભવ હતો.

**13.** **ભારતીય દંડ સંહિતાની કલમ -427 ના આવશ્યક તત્વો :**

જે કોઇ તોફાન કરે છે અને તેના દ્વારા પચ્ચાસ રૂપિયા અથવા તેનાથી વધુની રકમનું નુકશાન અથવા નુકશાન પહોંચાડે છે, તેને બે વર્ષ સુધીની મુદત માટે કોઇપણ વર્ણનની કેદ અથવા દંડ અથવા બંને સાથે શિક્ષા કરવામાં આવશે.

**14.** આમ, ઉપર્યુક્ત કાયદાકીય જોગવાઈઓ, તેનો અર્થ તેમજ તેના આવશ્યક તત્વોને હાલના કેસની હકીકત સાથે તેમજ તેના મૌખિક તથા દસ્તાવેજી પુરાવા સાથે સરખાવી ન્યાયિક નિર્ણય પર પહોંચવું જરૂરી છે.

- **ફરિયાદપક્ષના ફરીયાદીનો પુરાવો:**

**15.** આ કામે ફરિયાદપક્ષ દ્વારા તપાસેલા સાહેદો પૈકી PW-1 ફરીયાદીના પુરાવા મુજબ જ્યારે ફરિયાદી તેઓના વાહનનું ટાયર બદલી રહ્યા હતા ત્યારે બસ દ્વારા પાછળથી ટક્કર મારવામાં આવેલ હતી. ફરિયાદીએ પોતાની ઉલટ તપાસમાં સ્વીકાર્યું છે કે "બનાવ બન્યો ત્યારે અંધારું હતું." અને આ

હાઈવે રોડ પર વાહનોની સતત અવરજવર રહે છે. આવા સંજોગોમાં રાત્રિના સમયે નેશનલ હાઈવે જેવા વ્યસ્ત માર્ગ પર વાહન ઊભું રાખતી વખતે પાછળથી આવતા વાહનોને દૂરથી દેખાય તેવા કોઈ સુરક્ષા સંકેતો (Light, Reflector કે Indicator) મૂકેલા હોવાનું ફરિયાદી સાબિત કરી શક્યા નથી, જે તપાસ કરનાર અમલદારની જુબાનીથી પણ ફલિત થાય છે. <u>ફરિયાદી જણાવે છે કે ગાડીની બોડી અને આગળના કાચને નુકસાન થયેલું, પરંતુ ગાડીમાં ભરેલા માલસામાનને કોઈ નુકસાન થયું નથી.</u> સામાન્ય સંજોગોમાં ફરિયાદીના જણાવ્યા મુજબ તેઓની બોલેરો ગાડી ગાડી અકસ્માત થવાથી 2-3 વાર પલટી મારી હોય અને તેના લીધે તેઓની ગાડીને નુકસાન થયું હોય, તો આવા સંજોગોમાં ગાડીમાં ભરેલા માલને નુકસાન થવું સહજ છે, પરંતુ હાલના કામે આવું બનવા પામેલ નથી. તેમજ તેઓ સ્વીકારે છે કે આ અકસ્માત અંગે તેઓનો કોઈ વીમો પાકેલ નથી. વધુમાં તેઓએ જણાવેલ છે કે, તેમની ગાડીને રૂ.૧૦,૦૦૦/- નું નુકસાન થયેલ છે, પરંતુ તે અંગેના કોઇ એસીડેન્ટ રિપોર્ટ ફોર્મ આ કામે રજુ કરેલ નથી. તેમજ આ કામની તેઓની ફરિયાદમાં તેઓએ અકસ્માત કરનાર વાહનની સ્પીડ લખાવેલ નથી. વધુમાં ભારતીય દંડ સહિતાની કલમ-૪૨૭ ના આવશ્યક તત્વો તેમજ ફરિયાદ હકિકત જોતા એવું માલુમ પડે છે કે, સદર કામે બનેલ બનાવ તે અકસ્માત જ છે. તેમજ આરોપીનો ફરિયાદીની ગાડીને નુકસાન પહોંચાડવાનો કોઈ દાનત પૂર્વકનો ઈરાદો કે આશય હોવાનું રેકોર્ડ પરના પુરાવાથી ક્યાંય સાબિત થતું નથી. જ્યારે સદર કામે ગુનાહિત માનસિકતાનો અભાવ હોય, ત્યારે કલમ-૪૨૭ નો ગુનો બની શકતો નથી. આમ, આ કામના આરોપી દ્વારા જ સદર અકસ્માત સર્જેલ છે અને આરોપીની બેદરકારીના કારણે જ આ કામના ફરિયાદીની ગાડીને નુકસાન થયેલ હતું, તે અંગેનો લેશમાત્ર પુરાવો રેકર્ડ પર આવેલ નથી. જે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી.

- **<u>ફરિયાદપક્ષના સાહેદ અને પંચસાહેદનો પુરાવો:</u>**

**16.** આ કામે PW-2 થી તપાસેલ સાહેદનો પુરાવો ધ્યાને લઈએ તો, તેઓએ જણાવેલ છે કે, તેઓની ગાડીનું ટાયર ટાયર ફાટી ગયેલ હતુ, જેથી ત્યા ઉભી કરેલ હતી. અને ગાડીનું ટાયર ખોલતા હતા અને તેઓ ઝંડો લહેરાવી બીજા વાહનોને ડાયવર્ટ કરતાં હતાં. આમ, તેઓએ રાત્રીના ૮:૦૦ વાગ્યેથી ૯:૩૦ વાગ્યે વ્યસ્ત હાઈવે પર દોઢ કલાક સુધી ગાડી કોઈ પણ સુરક્ષા ચિહ્ન વગર જોખમી રીતે ઊભી રાખેલ હતી. જેથી આ કામે થયેલ અકસ્માત તે આરોપીની બેદરકારીના કારણે જ થયેલ હોય તે પુરવાર કરતો કોઈ પુરાવો સદર સાહેદ રેકર્ડ પર લાવી શકેલ નથી. તેમજ અકસ્માત કઈ દિશાથી થયેલ તે તેઓ ચોક્કસ જણાવી શકે નહિ. તેમજ તેઓએ તેમના નિવેદન કે સરતપાસમાં અકસ્માત કરનાર વાહનની ગતી કેટલી હતી તે લખાવેલ નથી. આમ, સદર સાહેદનો પુરાવો ધ્યાને લઈએ તો આરોપીને તકસીરવાન ઠરાવી શકાય તેવો પુરાવો રજુ કરેલ નથી.

**17.** આ કામે PW-3 થી ગુનાવાળી જગ્યાના પંચ સાહેદ ને તપાસેલા છે. તેમજ આંક-11 થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ થયેલ છે. ઉપર્યુકત જણાવેલ પંચો પંચનામાની હકીકતને બિલકુલ

સમર્થન આપતા નથી કે પંચનામાની વિગત વિશે તેઓ કંઇ જાણતા નથી. જેથી આ કામના તપાસાયેલ પંચસાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી પુરાવો આપતા નથી. પરંતુ હાલના કામે બનાવસ્થળ વિશે કે બનાવ બન્યા અંગે કોઇ તકરાર નથી. જે સંજોગોમાં પંચ હોસ્ટાઇલ થયા હોવા છતાં પંચનામાની હકીકતને સમર્થન મળી રહે છે. પરંતુ આંક-11 વાળું પંચનામું ધ્યાને લેતાં તેમાં આરોપીને સાંકળતો તેના વિરૂધ્ધનો કોઇ પુરાવો ખુલવા પામેલ નથી. જેથી સદર પંચનામાની હકીકતને આધારે આરોપી સામેનો આક્ષેપાયેલો ગુનો સાબિત થઇ શકતો નથી.

- **<u>તપાસ કરનાર અધિકારીનો પુરાવો :</u>**

**18.** ફરિયાદપક્ષે PW-4 તરીકે ત.ક.અમલદારને સોગંદ પર તપાસેલા છે. સદર બનાવવાળી જગ્યા તે નેશનલ હાઈવે છે, જેથી ત્યાં વાહનોની સતત અવર-જવર રહે છે અને બનાવ વાળી જગ્યા રોડ હોય તેની આજુ બાજુમાં દુકાનો પણ આવેલી છે. તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે, આ કામની ફરિયાદ તે તા.૦૫/૧૨/૨૦૨૩ ના રોજ કામરેજ પોલીસ સ્ટેશનમાં આપવામાં આવેલ હતી. આમ, જ્યારે ફરિયાદ હકિકત જોતા સદર બનાવ તે તા.૦૪/૧૨/૨૦૨૩ ના રોજ બનેલ છે. વધુમાં તેઓએ સ્વીકારેલ છે કે, ટાયર પંચર થઈ ગયેલ તે ટાયર કઈ જગ્યાએ રીપેર કરવા લઈ ગયેલ તે તેઓની તપાસમાં જણાવેલ નથી કે તે બાબતે કોઈ નિવેદન લીધેલ નથી. તેમજ તેઓની તપાસ દરમ્યાન એ હકિકત ખુલવા પામેલ છે કે, આ કામે જે મજુરો હતા તેઓએ રસ્તામાં કોઈ રેડ લાઈટ મુકેલ ન હતુ. તેમજ વાહનને અકસ્માતમાં થયેલ નુકશાની અંગે આર.ટી.ઓ. માંથી કોઈ પ્રમાણપત્ર મેળવેલ નથી. આ કામની તપાસમાં અકસ્માત કરનાર વાહનોની સ્પીડ અંગે તપાસમાં ખુલેલ નથી. આમ, તપાસ દરમિયાન ફરિયાદી સાથેના મજુર એટલે કે આ કામે PW-2 થી તપાસવામાં આવેલ સાહેદ મોહિત નિષાદ સિવાય અન્ય કોઈ પણ સ્વતંત્ર સાક્ષી કે આજુબાજુના લોકોના નિવેદનો લેવામાં આવ્યા નથી. વ્યસ્ત હાઈવે પર અકસ્માત થયો હોવા છતાં અન્ય કોઈ રાહદારી કે વાહનચાલકની પૂછપરછ કરેલ નથી કે સદર બનાવ બન્યા અંગેના સી.સી.ટી.વી. ફુટેજ પણ મેળવેલ નથી. વધુમાં આર.ટી.ઓ. કચેરીમાંથી રિપોર્ટ ન મેળવેલ હોય, અકસ્માત કેવી રીતે થયો અને વાહનની યાંત્રિક સ્થિતિ કેવી હતી, તે સાબિત કરવામાં પણ ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોય, જેથી આ સંજોગોમાં સદર ત.ક.અ.નો પુરાવો ધ્યાને લઇ આરોપીને તકસીરવાન ઠેરવી શકાય તેમ નથી.

**19.** વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા **સ્ટેટ ઓફ કર્ણાટકા વિરૂધ્ધ સતીષ**[1] ચુકાદામાં પેરા નં. ૪ માં નીચે મુજબનો સિંધ્ધાત પ્રસ્થાપિત કરેલ છે :

> *4. <u>Merely because the truck was being driven at a "high speed" does not bespeak of either "negligence" or "rashness" by itself.</u> None of the witnesses examined by the prosecution could give any indication, even approximately, as to what they meant by "high speed". <u>"High speed" is a relative term. It was for the</u>*

[1]1998 (8) SCC 493

> *prosecution to bring on record material to establish as to what it meant by "high speed" in the facts and circumstances of the case.* *In a criminal trial, the burden of providing everything essential to the establishment of the charge against an accused always rests on the prosecution and there is a presumption of innocence in favour of the accused until the contrary is proved. Criminality is not to be presumed, subject of course to some statutory exceptions. There is no such statutory exception pleaded in the present case. In the absence of any material on the record, no presumption of "rashness" or "negligence" could be drawn by invoking the maxim "res ipsa loquitur".*

**20.** ફરિયાદીપક્ષ દ્વારા તપાસવામાં આવેલ સાહેદ નો પુરાવો જોતા પણ હાલના આરોપીને સદર ગુન્હામાં તકસીરવાન ઠેરવી શકાય તેવો સબળ પુરાવો હાલના કામે રજુ થયેલ નથી. આમ, ગુન્હો પક્ષકારોની દલીલો તથા રેકોર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લેતાં (૧) ફરિયાદીપક્ષ તર્ફેના તમામ સાહેદના પુરાવાથી આરોપી પુરઝડપે તેમજ બેફિકરાઈથી વાહન હંકારી અકસ્માત કરેલ હોય તે હકીકત પૂરવાર થઈ શકેલ નથી તેમજ (૨) આરોપીની બેકાળજી અને બેદરકારી પૂરવાર થઈ શકેલ નથી.

**21.** આમ, ઉપરોકત ચર્ચા મુજબ રેકર્ડ પરના પુરાવા પરથી એ હકીકત નિર્વિવાદિત થાય છે કે, અકસ્માત થવાથી કોઇપણ વ્યકિતને ઇજા થયેલ નથી, માત્ર સદર વાહનને નુકશાન થયેલ છે. તેમજ બનાવ સ્થળ પર ચાર રસ્તા આવેલ હોય તથા બનાવ સ્થળ પર કોઈ સર્કલ કે બ્રીજ આવેલ ન હોય જે સંજોગોમાં અકસ્માત થયેલ છે. જેથી માત્ર એરર ઓફ જજમેન્ટના આધારે ક્રિમીનલ બેદરકારીભર્યું ડ્રાઇવીંગ બાબતે પુરાવાના આધારે આરોપીને સદર ગુનામાં દોષિત ઠરાવી શકાય નહિ.

**22.** આમ, આ કામે આરોપી સામે મુકવામાં આવેલા આક્ષેપો ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી, જેથી ઉપરોક્ત કાયદાકીય જોગવાઈઓને અને ઉપરોક્ત નામદાર સર્વોચ્ચ અદાલતના પ્રસ્થાપિત સિદ્ધાંતને ધ્યાને લઇ રજૂ થયેલ પુરાવાઓનું મૂલ્યાંકન કરવામાં આવે તો ફરિયાદપક્ષે રજૂ થયેલ સાહેદોની જુબાની પરથી સદર અકસ્માત આરોપી દ્વારા થયેલ હોવાનુ પુરવાર થયું નથી. આમ ફરિયાદપક્ષે આરોપી સામે ઇ.પી.કો.ની કલમ-279, 427 તેમજ એમ.વી.એક્ટની કલમ 177, 184 મુજબનો ગુનો સચોટ રીતે પુરવાર કરવામાં સફળ નીવડેલ નથી.

**23.** જેથી, મુદ્દા નં. 1 નો જવાબ “નકારમાં” આપી, મુદ્દા નં. 2 મુજબ નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે:

## // આ ખ રી હુ ક મ //

1. આ કામના આરોપી **અશોકભાઈ શિવાભાઈ સોલંકી** રહે.સાવરકુંડલા ગામ, મોવા રોડ, તા.સાવરકુંડલા, જી.અમરેલી. નાઓને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૨૫૫(૧) અન્વયે

ઇ.પી.કો.ની કલમ-279, 427 તેમજ એમ.વી.એક્ટની કલમ 177, 184 મુજબના આક્ષેપિત ગુનામાંથી શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મૂકવાનો આદેશ આપવામાં આવે છે.

2. આ કામના આરોપીને સી.આર.પી.સી.ની કલમ 437A મુજબ અપીલ સમય સુધીના રૂ. 10,000/- (અંકે રૂપિયા દસ હજાર પૂરા)ના પ્રત્યેક આરોપી દીઠ જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. 25મી માહે મે, સને 2026 ના રોજ ખુલ્લી અદાલતમાં વા\ચી, સંભળાવી જાહેર કર્યો.

તારીખ: 25/05/2026

સ્થળ: સુરત

**(સ્વપ્નિલ કે. ફટાણીયા)**

**જ્યુડી. મેજી.ફ.ક., કઠોર**

**Judge Code - GJ01769**

ગુજરાતી સ્ટેનોગ્રાફર

એમ. જી. મોરડીયા